Accredited **Grade A** by NAAC

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,યુનિવર્સિટી કેમ્પસ,રાજકોટ – ૩૬૦ ૦૦૫

નં.એકે/પ્રવેશ/ ૪૫૬ /૨૦૧૫

તા.૨૬–૫–૨૦૧૫

**પરિપત્રઃ–**

સંદર્ભ :–૧. પરીક્ષા નિયામકશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટના પરિપત્રાંક:– પરીક્ષા–૧/સીબીસીએસ/૪૯૫૧/૨૦૧૦, તા.૨૮–૧૦–૨૦૧૦.
૨. કુલસચિવ,સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પરિપત્રાંક :–એકે/બીએસ/સીબીસીએસ/૧૪૬/૨૦૧૨, તા.૨૭–૩–૨૦૧૨.
૩. કુલસચિવ,સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પરિપત્રાંક:–એકે/પ્રવેશ/૪૧૮/૨૦૧૨, તા.૩૦–૬–૨૦૧૨.
૪. આ કાર્યાલયના પરિપત્રાંક:–એકે/પ્રવેશ/૭૮૨/૨૦૧૨, તા.૨૩–૧૧–૨૦૧૨
૫. આ કાર્યાલયના પરિપત્રાંક:–એકે/પ્રવેશ/૯૧૮/૨૦૧૩, તા.૧૮–૧૧–૨૦૧૩
૬. આ કાર્યાલયના પરિપત્રાંક:–એકે/પ્રવેશ/૩૭૬/૨૦૧૪, તા. ૨૬–૬–૨૦૧૪
૭. આ કાર્યાલયના પરિપત્રાંક:–એકે/પ્રવેશ/૬૯૯/૨૦૧૪, તા. ૧૩–૧૦–૨૦૧૪

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, બિઝનેશ મેનેજમેન્ટ, ગ્રામવિદ્યા, હોમસાયન્સ, પરફોર્મિંગ આર્ટસ અને કાયદા વિદ્યાશાખાની સર્વે સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સવિનય જણાવવાનું કે, ઉપરોક્ત વિદ્યાશાખાના યુજી/પીજી અભ્યાસક્રમોમાં જે વિદ્યાર્થીએ સેમેસ્ટર–'૪' માં જુન–૨૦૧૪ થી પ્રવેશ મેળવેલ હોય અને CCA (આંતરિક મુલ્યાંકન) તથા સેમેસ્ટર એન્ડ એક્ઝામીનેશન (SEE) ની પરીક્ષામાં ઉપસ્થિત થયેલ હોય તેવા વિદ્યાર્થીઓને સેમેસ્ટર–'૪' (ચાર) ના પરિણામ કે સેમેસ્ટર–'૧' થી '૪' ના બેકલોગને ધ્યાને લીધા સિવાય શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ ના પ્રથમ સત્રમાં એટલે કે સેમેસ્ટર–'૫' માં પ્રવેશ આપવાની જોગવાઈ માન.કુલપતિશ્રીએ નીચે મુજબની શરતોને આધિન રહીને અધિકાર મંડળોની બહાલીની અપેક્ષાએ મંજુર કરેલ હોવાથી પ્રવેશ પ્રક્રિયા તે મુજબ હાથ ધરવા વિનંતી.

<u>પ્રવેશ માટેની શરતો :–</u>

(૧) જે કોઈ પ્રવેશાર્થીને પરીક્ષા ગેરરીતીના કેસ સંદર્ભે નિશ્ચિત સમય માટે પ્રવેશ ન આપવાની જોગવાઈ હોય તેવા વિદ્યાર્થીને સેમેસ્ટર'૫' અથવા અન્ય કોઈ સેમેસ્ટરમાં પ્રવેશ આપી શકાશે નહી.

(૨) જે પ્રવેશાર્થીના ગેરરીતીના કેસ યુનિવર્સિટીની વિચારણામાં હોય અને તેનો નિર્ણય બાકી હોય તેવા પરીક્ષાર્થીને યુનિવર્સિટી જે કોઈ નિર્ણય કરે તે બંધનકર્તા રહેશે તેવી લેખિત બાંહેધારી વિદ્યાર્થી પાસેથી મેળવ્યા બાદ પ્રવેશ કાર્યવાહી કરવી અને જો તેવા પ્રવેશાર્થીને અમુક સમય સુધી પ્રવેશ ન આપવાનો યુનિવર્સિટી દ્વારા નિર્ણય કરવામાં આવેલ હોય તો તેવા વિદ્યાર્થીને સેમેસ્ટર '૫'માં આપેલ પ્રવેશ કોલેજે રદ કરવાનો રહેશે.

(૩) પ્રવેશાર્થી સેમેસ્ટર '૧' થી '૪' ના **CCA** (આંતરિક મુલ્યાંકન)માં પાસ થયેલ હોવો જોઈએ ઉપરાંત ઉપરોક્ત ચારેય સેમેસ્ટરની (SEE) (બાહ્ય મુલ્યાંકન)ની પરીક્ષા માટે નોંધાયેલો હોવો જોઈએ.

(૪) જે તે બેકલોગ ધરાવતા સેમેસ્ટરની (SEE) (બાહય મૂલ્યાંકન)ની પરીક્ષા માટે જે તે સમયે ઉપસ્થિત થયેલ હોવો જોઈએ.

૫) ઉપરોકત રીતે પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના સેમેસ્ટર–૬(૭)નુ પરિણામ સેમેસ્ટર ૧ થી ૫ કે તે પૈકી એક કે વધુ સેમેસ્ટરનો બેકલોગ હશે ત્યાં સુધી પરિણામ જાહેર કરી શકાશે નહી જે વિદિત થવા વિનંતી.

આદેશથી,

(ડો. ધીરેન ડી. પંડયા)
**I/C.** કુલસચિવ

રવાના કર્યું

વિભાગીય અધિકારીશ્રી
(એકેડેમિક વિભાગ)

**પ્રતિ,**
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સ્નાતક કક્ષાની ઉપર્યુકત વિદ્યાશાખાની કોલેજોના આચાર્યશ્રીઓ

**નકલ સાદર રવાના :–**

૧. માન. કુલપતિશ્રી/ માન. કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
૨. કો–ઓર્ડિનેટરશ્રી, આઈ.કયુ.એ.સી. સેલ(જાણ સારૂ)
૩. પરીક્ષા નિયામકશ્રી ( ૮ નકલ )
૪. ડીનશ્રી, સંબંધિત વિદ્યાશાખા
૫. હિસાબ વિભાગ, ઓડિટ વિભાગ
૬. ડાયરેકટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર (વેબ સાઈટ ઉપર પ્રસિધ્ધ કરવા અર્થે) (સીડી સહિત)

Acd Section/CVG/EV/PARIPATRA_91
Printed On : 29 May 2018